# ગાંધીનગર મહાનગરપાલિકા

## ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર

### અનુક્રમણિકા

| વિગત | પાના નંબર |
|---|---|
| ૧. મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન | ૧ થી **૧૦** |
| ૨. બજેટ | |
| (અ) ચાર્ટ | ૧૧ થી ૧૫ |
| (બ) રેવન્યુ આવક | ૧૬ થી ૨૨ |
| (ક) રેવન્યુ ખર્ચ | ૨૩ થી ૩૪ |
| (ડ) કેપીટલ આવક | ૩૫ |
| (ઈ) કેપીટલ ખર્ચ | ૩૬ થી ૪૫ |

# ગાંધીનગર મહાનગરપાલિકા

## સને–૨૦૨૩–૨૪નું ડ્રાફ્ટ અંદાજપત્ર તથા
## સને ૨૦૨૨–૨૩ના રીવાઈઝ અંદાજપત્ર
## પરત્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ગુજરાત રાજ્યના પાટનગરની ગાંધીનગર મહાનગરપાલિકાના માનનીય મેયરશ્રી હિતેશકુમાર મકવાણા, માનનીય ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતલાલ પટેલ તથા સ્થાયી સમિતિના માનનીય સભાસદશ્રીઓનું હાર્દિક સ્વાગત કરૂં છું. ગુજરાત રાજ્યની મહાનગરપાલિકા તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાપના તા.૦૧/૦૫/૨૦૧૦ના રોજ થઇ હતી. રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના **તા.૧૮/૦૬/૨૦૨૦** ના જાહેરનામા ક્રમાંક–**KV/48 of 2020/GMC1902020/928/P** મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં ૧૮ ગ્રામ્યવિસ્તારો, ૧ નગરપાલિકા વિસ્તાર તથા ૫૦ટી.પી. (ગુડા–૩૦ અને ઔડા–૨૦ ટી.પી. સ્કીમ) વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણે મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમાં વધારો થયેલ છે ત્યારે નવા સમાવેશ થયેલાં વિસ્તારોમાં વિકાસ કાર્યોની પ્રગતિ ઉપર ફંડના અભાવે અસર ન થાય તે રીતના શ્રેષ્ઠ નાણાંકીય આયોજન તથા વ્યવસ્થાપન કરી વિકાસ કાર્યોની સાથે કોર્પોરેશનનો વહીવટ તથા ખર્ચામાં નિયમિતતા જાળવી રાખી મહાનગરપાલિકાની વિકાસયાત્રા ચાલું રહે તે મુજબનું આયોજન વર્ષ ૨૦૨૩–૨૪નાં અંદાજપત્રમાં કરેલ છે.

મહાનગરપાલિકા વિસ્તાર ગુડા, ઔડા તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ સાથે જોડાયેલ છે તો મહાનગરપાલિકાના વિકાસનું આયોજન આ વિસ્તારોના હદની સાપેક્ષમાં કરવાનું થાય છે. મહાનગરપાલિકાના ભાગ એવા ગાંધીનગર શહેરના વિકાસની મોટાં ભાગની જવાબદારી પાટનગર યોજના વિભાગ હસ્તક છે. આથી ગાંધીનગર મહાનગરપાલિકાની આગેવાની હેઠળ પાટનગર યોજના વિભાગ, ગુડા, ઔડા તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પરામર્શમાં રહી કેન્દ્ર સરકારના અમૃતકાળની ઝુંબેશને ધ્યાનમાં રાખતા આવતા ૨૫ વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકા ખરા અર્થમાં અમદાવાદની લિંક સીટી બને, તથા ભવિષ્યના વસ્તી વધારાને તથા ટ્રાફીકને ધ્યાનમાં લઇ

નાગરીકોની સુખાકારીમાં વધારો આવે અને વંચિતોને શિક્ષણ, આરોગ્યની યોગ્ય સુવિધા મળી રહે અને મહાનગરપાલિકાના નાગરિકોનો સુખાકારી આંક (LIVABILITY INDEX) ઉંચો આવે તે મુજબના વિઝન સાથે વર્ષ ૨૦૨૩–૨૪નું અંદાજપત્ર રજુ કરું છું.

સૌપ્રથમ આ બજેટમાં હું વંચિતોના વિકાસ માટેની વાત કરીશ. આ બજેટમાં વંચિતોના વિકાસ માટે નીચે મુજબની ખાસ જોગવાઈઓ કરવામાં આવેલ છે.

- દિવ્યાંગો,અનાથ બાળકો,નિરાધાર વૃધ્ધો,HIVના દર્દીઓ જેવાં મુખ્યધારાથી દૂર વંચિતોની સુખાકારી માટે ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે.
- શહેરી પછાત વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ જેવી કે ગટર, પાણી, સફાઈ અને ઝુંપડપટ્ટીઓ રોગ મુક્ત થાય તેવા કામો માટે આયોજન કરવામાં આવેલ છે.
- શહેરના પેરીફેરી વિસ્તારના ગામોમાં પણ પાયાની સુવિધાઓથી વંચિત ન રહે તે માટે વિવિધ વિકાસ કાર્યો જેવાકે પે એન્ડ યુઝ ટોઈલેટ, પાણી અને ગટર વ્યવસ્થા તેમજ અન્ય કામો કરવા માટે આયોજન કરવામાં આવેલ છે.
- જી.પી.એમ.સી કાયદાની કલમ ૬૩(૨) મુજબ અનુસુચિત જાતિ, અનુસુચિત આદી જાતિઓ તથા આર્થિક રીતે પછાત વર્ગોના લોકોની વસ્તી વાળા વિસ્તારોમાં માળખાકીય તેમજ મૂળભૂત સુવિધાઓ જેવી કે સફાઈ, તબીબી સહાય તથા ગંદા વિસ્તારોની નાબૂદી માટે આયોજન કરવામાં આવેલ છે.
- ઘરવિહોણા લોકોને આશ્રય મળી રહે તે માટે મહાનગરપાલિકા વિસતારમાં શેલ્ટર હોમ બનાવવા માટે આયોજન કરવામાં આવેલ છે.

આપણું શહેર સ્વચ્છ રહે તે માટે અસરકારક વ્યૂહરચના બનાવી તથા હવામાન પ્રદૂષણ આજે જ્યારે ચિંતાનો વિષય બનેલ છે.ત્યારે શહેરમાં પ્રદૂષણને અંકુશમાં રાખવાના અનેક પગલાંઓ લઈ તે અંગેના આયોજનને પ્રભાવી રીતે અમલમાં મૂકી ‘‘આપણું શહેર સ્વસ્થ, સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત ગાંધીનગર’’ બને તે રીતનું આયોજન વર્ષ ૨૦૨૩–૨૪નાં પ્રસ્તુત બજેટમાં કરવામાં આવેલ છે.

આપણાં રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીના વિચારો, મૂલ્ય, આદર્શોને વરેલું આપણું શહેર સ્વચ્છતાની બાબતમાં વર્ષ ૨૦૨૨ના ઈન્ડીયન સ્વચ્છતા લીગ કોમ્પીટીશનમાં **‘‘સ્પેશિયલ મેન્શન સીટી– ઈન ઈન્ડિયન સ્વચ્છતા લીગ’’** તરીકે સ્થાન પામેલ છે. જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. જે કોર્પોરેશન તથા શહેરીજનોના સક્રિય સાથ અને સહકારને કારણે શક્ય બનેલ છે. શહેરને ચોખ્ખું અને સ્વચ્છ રાખવું એ સતત ચાલતી પ્રક્રિયા છે, એ માટે આપણા વહીવટતંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. શહેરને સ્વચ્છ રાખવા માટે પ્રત્યેક શહેરીજન સક્રિય રીતે સહભાગી થાય તે દિશામાં પણ સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. શહેરીજનોમાં આપણાં શહેરને સ્વચ્છ રાખવાની આદત કેળવાય અને તેને રોજનાં જીવનનો હિસ્સો બનાવે જેથી સ્વચ્છતા આપણાં સંસ્કાર બને તે જરૂરી નહી પણ અનિવાર્ય છે. આપણાં શહેરને સ્વચ્છતાની બાબતમાં અગ્રેસર રાખવા માટે આપણા શહેરમાં અનેક વિવિધ પગલાંઓની સાથે ડોર–ટુ–ડોર કલેકશન પધ્ધતિ વધુ અસરકારક અને પરિણામલક્ષી બને તેના ભાગરૂપે Refuse

Transfer Center તેમજ ભાટ ખાતે  નવા Material Recovery Facility Center બનાવવાનું આયોજન કરેલ છે. જેના લીધે આવનાર સમયમાં શહેર સ્વચ્છતાની બાબતમાં દેશમાં અગ્રક્રમાંક મેળવશે તેની ખાતરી છે. જે આજીવન સ્વચ્છતાના આગ્રહી રહેલા આપણા પૂજ્ય બાપુને આપણા તરફથી સાચી શ્રધ્ધાંજલિ ગણાશે તથા સ્વચ્છતાનું આંદોલન આપણા શહેરને નવું ગાંધીનગર બનાવવાના સપના સાથે જોડશે તેવો મને વિશ્વાસ છે.

શહેરીકરણને કારણે, વાહનોની સંખ્યામાં દિન–પ્રતિદિન થઇ રહેલ વધારાને કારણે વાહનોમાંથી નીકળતા ધુમાડા સહિત અન્ય કારણે પ્રદૂષણ વધી રહ્યુ છે. ત્યારે પ્રદૂષણ નિયંત્રણમાં આવે તથા આપણું શહેર સુંદર બને અને શહેરના ગ્રીન કવરમાં વધારો થાય અને ગાંધીનગરનું Greenest Capital નું બિરૂદ જળવાઈ રહે તે માટે શહેરમાં વધુ સંખ્યામાં સીનીયર સીટીઝન પાર્ક, ચિલ્ડ્રન પાર્ક સહીતની સુવિધાવાળા બગીચાઓ અને નર્સરી બનાવવામાં આવી રહ્યા છે. જેમાં જાપાનની મીયાવાંકી પધ્ધતિથી પ્લાનટેશન કરવાનું આયોજન કરેલ છે, જેનાથી તાપમાનમાં ઘટાડો થશે તેમજ હવા અને અવાજના પ્રદૂષણનું સ્તર ઘટશે. વધુમાં, કાર્બન ઉત્સર્જનમાં પણ ઘટાડો  કરવા મદદરૂપ નિવડશે. આમ, આપણું શહેર મનુષ્ય, પ્રાણી, પક્ષી, જીવ–જંતુ તમામ માટે રહેવાલાયક આદર્શ શહેર બનશે. વર્ષ ૨૦૨૨–૨૩ માં કોર્પોરેશન વિસ્તારમાં ૧૮ જેટલાં બગીચાઓની નવીનીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે આગામી સમયમાં નવા સમાવીષ્ટ થયેલાં વિસ્તારોમાં ૬ નવા બગીચા અને ૯ બગીચાઓના નવીનીકરણની કામગીરી આયોજનને કારણે શહેરના ગ્રીન કવરમાં વધારો થશે.

મહાનગરપાલિકાના વિવિધ સ્થળ જેવાં કે, GMC Building અને Fire Station Buildingમાં - 240 kw, કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ અને વાવોલ ખાતેના પંપીગ સ્ટેશન ખાતે - 280 kw, વ્હીકલપુલ ખાતે  - 65 kw અને સેક્ટર - ૪ પબ્લિક ગાર્ડન ખાતે  - 15 kw આમ કુલ 600 kw સૌર પેનલ ઈન્સ્ટોલેશન કરેલ છે જેના થકી ગાંધીનગર મહાનગરપાલિકા વાર્ષિક ૧૬.૭૭ kw લાખ યુનિટ વીજળી  પેદા કરશે. જે આગામી ૩૦ વર્ષમાં અંદાજીત ૫૦૦ kw લાખ વીજળીનું ઉત્પાન થશે. જેના થકી વાર્ષિક ૧.૩૪ કરોડ ની નાણાકીય બચત અને આગામી ૩૦ વર્ષમાં ૪૦ કરોડ જેટલી બચત સોલાર ઈન્સ્ટોલેશનથી  થશે. વધુમાં, પરીણામ સ્વરૂપ આગામી ૨૫ વર્ષમાં અંદાજીત ૩૬૦૦૦ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઘટશે. જે વડાપ્રધાનશ્રીના ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન દેશ બનવાના વિઝન સાથે સુસંગત છે.

શહેરની ટ્રાફિક ગીચતા અને પ્રદૂષણમાં ઘટાડો થાય તથાં વધુમાં વધુ શહેરીજનોમાં ઇલેકટ્રીક વાહનનો ઉપયોગ પ્રચલિત બને અને પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરતાં થાય  તે માટે  GSRTC સાથે સંકલન કરી ૩૦ જેટલી બેટરી ઓપરેટેડ વ્હીકલ (ઈ–બસ) ચાલુ કરવાનું આયોજન કરેલ હતું જેમાંથી ચાલુ  વર્ષે ૨૦ જેટલી  બેટરી ઓપરેટેડ વ્હીકલ (ઈ–બસ) કાર્યરત કરેલ છે.વધુમાં, નવા સમાવેશ થયેલા વિસ્તારો અને વસ્તી વધારાને ધ્યાનમાં રાખીને  પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની પુરતી સુવિધા સારી રીતે મળી રહે તે માટે ઉભી થતી જરૂરિયાતને પહોંચી વળવા માટે  આયોજન કરવામાં આવશે.

આજે મોટાં શહેરો પાણીની અછતની સમસ્યાનો સામનો કરી રહેલ છે. નીતિ –આયોગના રિપોર્ટ અનુસાર હવે જો શહેરો દ્વારા પાણીના સંગ્રહના આયોજન અંગે વિચારવામાં નહિ આવે તો આગામી વર્ષોમાં મોટા શહેરોમાં જમીનમાં રહેલ પાણીના સ્તર સુકાઇ જશે અને શહેરોને પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરવો પડશે. આથી આપણે આપણા શહેર માટે પાણીના સંગ્રહ અંગે ગંભીર થઇ જળ સંચય અભિયાન અંગે આયોજન કરવું અનિવાર્ય બનેલ છે. નેશનલ વોટર મિશનના "Catch the Rain" અભિયાનના ભાગરૂપે અત્રેની મહાનગરપાલિકા દ્વારાં ગત વર્ષોમાં કુલ ૭૦ જેટલાં રીચાર્જ વેલનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે તેમજ સ્માર્ટસીટી અંતર્ગત ૫૦ જેટલાં રીચાર્જ વેલના કામોનું આયોજન કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાના વિસ્તારમાં વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે સેક્ટર– ૧ થી ૩૦માં ચોકકસ લંબાઈની આંતરિક રસ્તા ઉપરની બાકી રહેલી સ્ટ્રોમવોટર લાઈનની કામગીરી પ્રગતિમાં છે તથા ખોરજ તથા ઝુંડાલના ટી.પી. વિસ્તારમાં અને સેક્ટર – ૨૬ ખાતે સ્ટ્રોમ વોટર લાઈનની કામગીરીનું આયોજન છે. મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્ટ્રોમ વોટર લાઇનને તળાવ સાથે જોડાણ કરવા તેમજ તળાવનું ઇન્ટરલીંકીગ કરવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે. પરિણામ સ્વરૂપે નકામા વહી જતા વરસાદી પાણીના સંગ્રહ થકી શહેરના પાણીના સ્તર ઉંચા આવશે.

મહાનગરપાલિકાના વિસ્તારના નાગરીકોની સુવિધા માટે નવા સમાવિષ્ટ થયેલાં વિસ્તારોમાં પાણી પુરવઠા તથા ડ્રેનેજ લાઇનના રૂ.૩૦૦.૯૧ કરોડના વિવિધ કામોનું આયોજન વર્ષ ૨૦૨૩–૨૪ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨–૨૩ સુધીમાં વિવિધ ગામોમાં ૧૩.૮૦ કિલોમીટર આસ્ફાલ્ટ રોડના રીસરફેસિંગની કામગીરી અને વિવિધ ગામોમાં ૧૫.૮૦ કિલોમીટર સી.સી રોડની કામગીરી પૂર્ણ કરેલ છે.તેમજ મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં વર્ષ ૨૦૨૩–૨૪ માં નવા રોડ બનાવવાની અને રીસરફેંસીગની કામગીરી માટે રૂ.૪૪.૫૩ કરોડ ના વિવિધ કામોનું આયોજન કરેલ છે.

શહેરીજનોના આરોગ્યને કેન્દ્રસ્થાને રાખી વિવિધ પગલાંઓ અન્વયે વધુને વધુ અર્બન હેલ્થ સેન્ટરો બનાવી આરોગ્યની સેવાઓનો વ્યાપ વધારવા વાવોલ અને કુડાસણમાં નવાં અર્બન હેલ્થ સેન્ટરોનું બાંધકામ  તથા પેથાપુર અને સુઘડના અર્બન હેલ્થ સેન્ટરોનું નવીનીકરણનું આયોજન છે.

ગરીબ બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી ધોળાકુવા (નવી સ્કુલ), બોરીજ, ગોકુલપુરા અને ફતેહપુરા સ્કુલ ખાતે નવા રૂમ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. તેમજ સેક્ટર–૨,૬,૭, બાસણ અને પાલજ ગામ ખાતે પ્રાથમિક શાળાઓને સ્માર્ટ સ્કુલમાં રૂપાંતરિત કરવાની કામગીરી પ્રગતિમાં  છે. સેક્ટર–૨૪ અને ઈન્દ્રોડા ખાતે નવી અંગ્રેજી માધ્યમની સ્કુલનું બાંધકામ તથા સેક્ટર–૧૩, ૨૯ અને બાસણ ખાતે સ્કુલના રીનોવેશનની કામગીરીનું આયોજન છે. વધુમાં સ્માર્ટ સીટી અંતર્ગત સેક્ટર–૭, ૧૩, ૨૮/૧, ૨૯/૧, જી.ઈ.બી. કોલોની અને બાસણ ખાતે નવી શાળાઓ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. હાલમાં ગાંધીનગર શહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટેનું હબ બનેલ છે ત્યારે

પરીક્ષાર્થીઓને યોગ્ય વાતાવરણ મળી રહે તે માટે કુડાસણ મુકામે લાઈબ્રેરીના બાંધકામ તથા વાવોલ ખાતે હયાત લાઈબ્રેરીના રીનોવેશનની કામગીરી પ્રગતિમાં છે જ્યારે કોટેશ્વર મુકામે લાઈબ્રેરીના બાંધકામની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારોમાં સામાજીક આંતર–માળખાકીય સુવિધાઓ અંતર્ગત કુડાસણ ખાતે ટાઉનહોલ બાંધકામની કામગીરી તેમજ ૩ નવાં કોમ્યુનિટી હોલનું બાંધકામ અને ૧૦ હયાત કોમ્યુનિટી હોલની નવીનીકરણની કામગીરી પ્રગતિમાં છે. ઘરવિહોણા લોકો માટે મહાનગરપાલિકા વિસ્તારમાં શેલ્ટર હોમ બનાવવાનું આયોજન છે. ભાટ ગામ ખાતે નવા સ્મશાનગૃહનું બાંધકામ તથા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારોમાં ૩૨ સ્મશાનગૃહના નવીનીકરણની કામગીરીનું આયોજન છે.

મહાનગરપાલિકાનો વિસ્તાર વધતાં, બદલાતા સમય સંજોગો મુજબ ફાયર સેવાઓનો વ્યાપ વધે અને વધુ અદ્યતન બને તે હેતુથી વર્ષ ૨૦૨૩–૨૪ ના બજેટમાં ભાટ, ઝુંડાલ અને સરગાસણમાં ૩ નવા ફાયર સ્ટેશનો અને સ્ટાફ ક્વાર્ટસ બનાવવાની કામગીરીનું આયોજન કરેલ છે. વધુમાં ૩ નવા ફાયર સ્ટેશન માટે ૩ નંગ કોન્વે વાહનો ખરીદવાનું આયોજન છે.

મહાનગરપાલિકાના વિસ્તારમાં રખડતા ઢોરોને કારણે ઉભી થતી અડચણો દૂર થાય તે માટે સુઘડમાં કેટલ પાઉન્ડ અને એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર બનાવવાનું આયોજન છે. તેમજ બિમાર પશુઓની યોગ્ય સારવાર થાય તેવી સંવેદના રાખીને નગરપાલિકા હસ્તકના ઢોર ડબ્બાને અદ્યતન કરવા તથા એનીમલ કેર સેન્ટર તરીકે એન.જી.ઓ.ના સહયોગથી વિકસાવવાની કામગીરીનું પણ આયોજન કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેર ગુજરાત રાજ્યનું પાટનગર હોવાથી અવાર–નવાર રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાઓની સમિટ જેવી કે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ તથા અન્ય વિવિધ કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. વધુમાં આગામી સમયમાં G-20 સમિટનું પણ આયોજન થનાર છે. જે અંતર્ગત આપણાં શહેરમાં મુલાકાતીઓની અવર–જવર સતત થતી હોઇ શહેરની આગવી ઓળખ ઉભી થાય તે હેતુથી વિવિધ કામગીરી જેવી કે, કુલ–૬ નવાં તળાવોનું નિર્માણ અને બ્યુટીફિકેશન, સરિતા ઉદ્યાનને અદ્યતન મોડેલ બગીચા તરીકે વિકસાવવાનું આયોજન, મહાનગરપાલિકાના વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરીનું આયોજન છે. રોડ નં.૦૬ પર રેલ્વે ઓવર બ્રીજના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. તેમજ સાબરમતી નદી પર બાસણ ગામ તથા **જ– રોડ**ને જોડતા ઓવરબ્રિજના બાંધકામની કામગીરીનું આયોજન છે. મીનાબજાર વિસ્તારને હાટ બજાર તરીકે વિકસાવવા માટે રૂ.૨૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.

વર્ષ ૨૦૨૨–૨૩ના મંજુર થયેલ રેવન્યુ આવક રૂ.૨૧૫.૨૧ કરોડની સામે રિવાઇઝ્ડ અંદાજ મુજબ રૂ. ૨૭૩.૦૩ કરોડ થવા પામેલ છે. એટલે કે રેવન્યુ આવકમા ૨૬.૮૭%નો વધારો થવા પામેલ છે. એ જ રીતે કેપિટલ આવક રૂ.૭૩.૫૭ કરોડની સામે રિવાઇઝ્ડ અંદાજ મુજબ રૂ.૩૭૧.૪૪ કરોડ થવા પામેલ છે. જે કેપિટલ આવકમા ૪૦૫%નો વધારો સુચવે છે. વર્ષ ૨૦૨૨–૨૩ના મંજૂર થયેલ રેવન્યુ ખર્ચ રૂ.૧૪૬.૨૧ કરોડની સામે રિવાઇઝડ અંદાજ મુજબ રૂ.૧૬૭.૧૭ કરોડ થવા પામેલ છે. એટલે કે રેવન્યુ ખર્ચમા ૧૪.૩૭%નો વધારો થવા પામેલ છે. એ જ રીતે કેપિટલ ખર્ચ રૂ.૩૯૪.૪૭ કરોડની સામે રિવાઇઝડ અંદાજ મુજબ રૂ. ૩૦૦.૨૨ કરોડ થવા પામેલ છે. જે કેપિટલ ખર્ચમા ૨૩.૮૯%નો ઘટાડો સુચવે

છે. આમ, વર્ષ ૨૦૨૨–૨૩ના મંજુર થયેલ બજેટ રૂ.૫૪૦.૬૮ કરોડની સામે રિવાઇઝડ અંદાજ મુજબ રૂ.૪૬૭.૩૯ કરોડ થયેલ છે. જે એકંદરે ૧૩.૫૬ ટકાનો ઘટાડો સુચવે છે.

આમ, ગાંધીનગર મહાનગરપાલિકાના સમતોલ તથા સર્વાંગીં વિકાસ માટેનાં લક્ષ્યને ધ્યાનમાં લઇ આંતર માળખાકીય સુવિધાના કામો, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો, અમૃત યોજના તેમજ અન્ય ગ્રાન્ટ હેઠળ શરૂ થનાર કામો તેમજ સામાજીક અને આરોગ્યલક્ષી સુવિધાઓના કામો તેમજ વિકાસના કાર્યોના સંકલિત આયોજન અને કાર્યક્ષમ તથા પારદર્શી વહીવટ સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩નું રીવાઇઝ અંદાજો સહ **કોઈપણ જાતના કર કે દરમાં વધારો સૂચવ્યા વગર** રૂ.૨૬૪.૧૪ કરોડની પુરાંત સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪નું રૂ.૯૪૪.૦૨ કરોડનું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરતાં અત્યંત આનંદ અનુભવું છું. જે આપ સૌ સ્વીકારશો અને મંજુર કરશો તેવી અપેક્ષા રાખું છું.

**ગાંધીનગર**
**તા.૦૫/૦૧/૨૦૨૩**

**સંદિપ જે. સાગળે IAS**
**મ્યુનિસિપલ કમિશનર**

**ગાંધીનગર મહાનગરપાલિકાના છેલ્લા પાંચ વર્ષના બજેટના કદની  વિગત નીચે મુજબ છેઃ-**

(રકમ કરોડમાં)

| વર્ષ | બજેટ નું કદ |
|---|---|
| સને ૨૦૧૮-૨૦૧૯ | ૨૮૨.૦૩ |
| સને ૨૦૧૯-૨૦૨૦ | ૨૮૩.૯૫ |
| સને ૨૦૨૦-૨૦૨૧ | ૩૦૪.૮૭ |
| સને ૨૦૨૧-૨૦૨૨ | ૩૬૦.૯૫ |
| સને ૨૦૨૨-૨૦૨૩ | ૫૪૦.૬૮ |

| **રૂપિયો ક્યાંથી આવશે ?** | | | | **રૂપિયો ક્યાં જશે ?** | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વિગત** | **રકમ (રૂ. લાખમાં)** | | **ક્રમ** | **વિગત** | **રકમ (રૂ. લાખમાં)** | |
| ૧ | ટેક્ષ આવક | ૭૮૫૩.૦૦ | ૬.૫૦ પૈસા | ૧ | મહેકમ ખર્ચ | ૫૧૧૩.૦૦ | ૫.૦૦ પૈસા |
| ૨ | નોન ટેક્ષ આવક | ૧૮૫૭૭.૪૩ | ૧૫.૩૮ પૈસા | ૨ | ઈલેક્ટ્રીસીટી અને નિભાવણી ખર્ચ | ૬૪૩૪.૦૦ | ૭.૦૦ પૈસા |
| ૩ | રેવન્યુ ગ્રાન્ટ | ૧૮૩૩.૩૮ | ૧.૫૨ પૈસા | ૩ | કન્ટીજન્સી ખર્ચ | ૩૪૩૧.૫૪ | ૪.૦૦ પૈસા |
| ૪ | કેપિટલ ગ્રાન્ટ આવક (UDP-78-SJMMY, અમૃત યોજના, નાણાંપંચ વગેરે) | ૪૮૦૯૨.૬૭ | ૩૯.૮૧ પૈસા | ૪ | રેવન્યુ ગ્રાંટ ખર્ચ | ૧૪૦.૦૦ | ૦.૩૦ પૈસા |
| ૫ | ઉઘડતી સિલક | ૪૪૪૫૯.૬૭ | ૩૬.૭૯ પૈસા | ૫ | સફાઈ ખર્ચ | ૫૫૮૭.૦૦ | ૬.૦૦ પૈસા |
| | | | | ૬ | બગીચા નિભાવાણી ખર્ચ | ૧૨૦૦.૦૦ | ૦.૭૦ પૈસા |
| | | | | ૭ | કેપિટલ ખર્ચ | ૭૨૪૯૬.૩૧ | ૭૭.૦૦ પૈસા |
| **કુલ** | | | **૧૦૦.૦૦ પૈસા** | **કુલ** | | | **૧૦૦.૦૦ પૈસા** |

રાજય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના **તા.૧૮/૦૬/૨૦૨૦**ના જાહેરનામા ક્રમાંક–KV/48 Of 2020/GMC1902020/928/P મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં ૧૮ ગ્રામ્યવિસ્તારો, ૧ નગરપાલિકા વિસ્તાર તથા ૫૦ ટી.પી. (ગુડા–૩૦ અને ઔડા–૨૦ ટી.પી. સ્કીમ) વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણે મહાનગરપાલિકાના વિસ્તારમાં (૧૪૦ ચો.કિ.મી.) તથા વસ્તીમાં અંદાજીત ૪૦% જેટલો વધારો થયેલ છે. જેના કારણે આવશ્યક માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટેની કામગીરીનો ખર્ચ તથા લોકોની સુખાકારી માટે નવી આંગણવાડી નવી શાળાઓ પબ્લિક હેલ્થ સેન્ટર, લાઈબ્રેરી, મટીરીયલ રીકવરી ફેસીલીટી સેન્ટર, શેલ્ટર હોમ વગેરે માટેના ખર્ચની જોગવાઇનો સમાવેશ આ વર્ષના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં મહાનગરપાલિકાની વધી રહેલી કામગીરીને પહોંચી વળવા માટે નવા સ્ટાફની ભરતી કરવામાં આવેલ છે. જેના થકી વિકાસના કામોને વેગ મળેલ છે.

વર્ષ ૨૦૨૨–૨૩ ના અંદાજપત્રનું કુલ કદ **રૂ.૫૪૦.૬૮** કરોડ હતું જેમાં **રૂ.૪૦૩.૩૪** કરોડ જેટલો વધારો થતાં વર્ષ ૨૦૨૩–૨૪ના ડ્રાફટ અંદાજપત્રનું કદ **રૂ.૯૪૪.૦૨** કરોડ થયેલ છે. વર્ષ ૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં થયેલ વધારાને પહોંચી વળવા માટે મુખ્યત્વે કેપિટલ ગ્રાન્ટ આવકમાં **રૂ.૩૮૭.૩૫** કરોડનો વધારો થયેલ છે તથા રેવન્યુ આવકમાં **રૂ.૬૭.૪૩** કરોડ જેટલો વધારો થયેલ છે. જેના કારણે આખરી સિલક **રૂ.૨૬૪.૧૪** કરોડ રહેવા પામે છે.

## ગાંધીનગર મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ દ્વારા મળેલ માહિતીના આધારે તૈયાર કરેલ સને ૨૦૨૨ -૨૩ નાં રીવાઈઝ અંદાજ અને સને ૨૦૨૩ -૨૪ ના ડ્રાફ્ટ અંદાજની વિગતો

### પત્રક - અ

| વિગત | સને ૨૦૨૨ -૨૩ ના મંજુર થયેલ અંદાજ | સને ૨૦૨૨ -૨૩ નાં રીવાઈઝ અંદાજ | સને ૨૦૨૩ -૨૪ ના ડ્રાફ્ટ અંદાજ |
|---|---|---|---|
| | (રૂ. લાખમાં) | (રૂ. લાખમાં) | (રૂ. લાખમાં) |
| રેવન્યુ બજેટ | | | |
| ઉઘડતી સિલક | 1836.40 | 1836.40 | 422.72 |
| + રેવન્યુ આવક | 21520.51 | 27302.84 | 28263.81 |
| કુલ રેવન્યુ આવક | 23356.91 | 29139.24 | 28686.53 |
| - રેવન્યુ ખર્ચ | 14620.52 | 16716.52 | 21905.54 |
| કુલ | 8736.39 | 12422.72 | 6780.99 |
| - કેપિટલ બજેટમાં લઈ ગયા | 8000.00 | 12000.00 | 6000.00 |
| ચોખ્ખી સિલક | 736.39 | 422.72 | 780.99 |
| કેપિટલ બજેટ | | | |
| ઉઘડતી સિલક | 24915.07 | 24915.07 | 44036.95 |
| + રેવન્યુ સરપ્લસ રેવન્યુ બજેટમાંથી તબદીલ | 8000.00 | 12000.00 | 6000.00 |
| + કેપિટલ ગ્રાંટ આવક | 7357.00 | 37144.00 | 48092.67 |
| કુલ | 40272.07 | 74059.07 | 98129.62 |
| - કેપિટલ ખર્ચ | 39447.38 | 30022.12 | 72496.31 |
| ચોખ્ખી સિલક | 824.69 | 44036.95 | 25633.31 |

**પત્રક - બ**

| વિગત | સને ૨૦૨૨ -૨૩ ના મંજુર થયેલ અંદાજ (રૂ. લાખમાં) | સને ૨૦૨૨ -૨૩ નાં રીવાઈઝ અંદાજ (રૂ. લાખમાં) | સને ૨૦૨૩ -૨૪ ના ડ્રાફ્ટ અંદાજ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| (A) રેવન્યુ આવક | *21520.51* | *27302.84* | *28263.81* |
| (B) રેવન્યુ ખર્ચ | *14620.52* | *16716.52* | *21905.54* |
| (C ) કેપિટલ આવક | *7357.00* | *37144.00* | *48092.67* |
| (D) કેપિટલ ખર્ચ | *39447.38* | *30022.12* | *72496.31* |
| કુલ બજેટ (B+D) | *54067.90* | *46738.64* | *94401.85* |
| કુલ આવક (A+C) | *28877.51* | *64446.84* | *76356.48* |